॥ ॐ श्री ॥ श्रीनृसिंहायनमः ॥ हरिः ॐ ॥

। મહાજ્યોતિઃચક્ર ....પરિવર્ત્તન પહેલું.

યાનંદ-દંભ દર્પણ.-ભાગ પહેલો.

(આર્યસમાજના મહર્ષિજીની જાતની માહિતી, તેમના સત્યાર્થપ્રકાશ: યજુર્વેદભાષ્ય સંસ્કાર વિધિ વગેરે ગ્રંથોમાં પરસ્પર વિરોધો, વેદવિરૂદ્ધ જુઠી અસંભવ કપોલ-કલ્પિત વાતો તથા છળવાદ, વેદપ્રતારણા, લોક-વંચના અને મિથ્યાત્વ વગેરેનું પ્રદર્શન.)

પ્રયોજક અને પ્રકાશક:-શા. હિમતલાલ વ્રજવલ્લભ ચીભાવાળા. ટંકશાળ સામે ખજુરીની પોળ-અમદાવાદ.

પ્રવર્તક:-શ્રી મહાજ્યોતિઃ કાર્યાલય.—અમદાવાદ.

સુધારા વધારા સાથે દ્વિતીયાવૃત્તિ-પ્રત ૫૦૦૦. સંવત ૧૯૭૧.

કિમત ત્રણ પાઈ-પોસ્ટેજ જુદું. કવરમાં અઢીઆનાની ટીકીટો બીડનારને આઠ નકલો ઘેરબેઠે મળશે. સામટી ૧૦૦ ના રૂ ૧॥ સવા ૫૦૦ ના રૂ. ૬) ા અને ૧૦૦૦ ના રૂ. ૧૧॥ લેવાય છે. સ્ટેશનનું નામ લખી તથા મનીઓર્ડર મોકલીને રેલ્વેમાં મંગાવો.

શ્રી જૈનવિદ્યાવિજય પ્રેસમાં શા. ચુનીલાલ અમથાશાએ છાપ્યો ઠે. રીચીરોડના પુલ નીચે—અમદાવાદ.

પ્રસ્તાવના અને નિવેદન.

આર્યસમાજીઓના આડંબર ઢોંગ પાખંડ અને છળકપટ હવે જગજાહેર થઇ ચુક્યાં છે, તોપણ વેદધર્મોદ્ધાર અને વેદપ્રચાર વગેરેની ઉપરઉપરથી સારી લાગતી તેમની ચાપલુસી ભરેલી મોહક વાતોથી ભોળા અને ભલા આદમીઓ ફસાય છે તથા ઠગાય છે, તેઓને સાવધ કરવા માટે અને ધર્મકર્મથી ભ્રષ્ટ થતા બચાવવાને સારૂ પ્રભુપ્રેરણા અને અમારા એક માનનીય મુરબ્બી વડીલ ભાઇની સલાહથી બે મહિનાપર શ્રીમહાજ્યોતિ:ચક્ર-પરિવર્ત્તન ૧ લું-નામે દયાનંદદંભદર્પણ-ભાગ ૧ લો પ્રકટ કરેલો, તેની મુંબઇના સુપ્રસિદ્ધ અને બહોળો ફેલાવો પામેલા સનાતન-ધર્મસહાયક "ગુજરાતી" પત્રમાં જાહેરખબર તથા નિષ્પક્ષપાત સત્ય અને સારો અભિપ્રાય છપાયાથી સનાતનધર્માનુયાયીઓ તરફથી ઉપરાઉપરી સેંકડો નકલોની માગણી થવાથી ૧૫-૨૦ દિવસના અરસામાંજ પ્રથમાવૃત્તિની ૨૦૦૦ પ્રતો ખપી ગઇ છે. અને હજુ પણ લોકો તરફથી પ્રસન્નતાદર્શક, પ્રેમપુરિત, ધન્યવાદ આપનારા પ્રશંસાપત્રો આવવા સાથે સેંકડો નકલોની માગણી ચાલુજ છે; તેથી તે સર્વે ભાઇઓના સંતોષ સારૂ આ દ્વિતીયાવૃત્તિની ૫૦૦૦ પ્રતો છપાવી છે, તથા દયાનંદદંભદર્પણ-ભાગ બીજાની પણ ૫૦૦૦ પ્રતો છપાવી છે. અત્રે યાદ આપી ધ્યાન ખેંચીએ છીએ કે પહેલા ભાગમાં છે તે બીજામાં નથી, અને બીજા ભાગમાં છે તે પહેલામાં નથી. તેથી દયાનંદના વેદભાષ્ય, વિદ્વતા, બુદ્ધિ, જ્ઞાન અને વિચારો કેવા હતા? તે જાણવાને જિજ્ઞાસુઓને

ઠીક થઇ પડે માટે દરેકને બે ભાગ લેવાની ખાસ ભલામણ કરીએ છીએ. અને દયાનંદ–દંભદર્પણના બંને ભાગનો પ્રચાર આખા ગુજરાત કચ્છ કાઠીઆવાડ અને આર્યસમાજીઓની ધમાલ મચતી હોય તે સર્વ ભાગોમાં તાકીદે થઇ જાય, તેવા પ્રયત્ન કરવાની લોકોને સપ્રેમ પ્રાર્થના કરીએ છીએ. નિસ્પૃહતા અને નિષ્કામવૃત્તિથી આ પ્રવૃત્તિ મેં કરવા માંડી છે, તે રોયલ બે ફરમા ૩૨ પાનાની ચોપડીની અમે રાખેલી ફક્ત ત્રણપાઇ–એક પૈસા જેવી નજીવી કિમતથીજ સહજ સમજાશે. વળી પ્રચાર કરવા માટે સામટી મંગાવનારાને રૂ. ૧॥ માં ૧૦૦, રૂ. ૬) માં ૫૦૦, અને રૂ. ૧૧॥ માં ૧૦૦૦ નકલો મનીઓર્ડર મોકલીને મંગાવનારાને તેમને હિસાબે રેલ્વેમાં મોકલી આપીએ છીએ; દર ૧૦૦ નકલે પેકીંગ અને મજુરી ખર્ચનો એક આનો વધારે લેવાય છે. બુકપોસ્ટ વી. પી. થી મંગાવનારાને કિમત પોસ્ટેજ અને પેકીંગના થઇને ૧૦૦ નકલોના રૂ. ૧–૧૨–૦ ભરવા પડે છે. અઢીઆનાની ટીકીટો બીડનારાને નકલો આઠ ઘેર બેઠે મળી જાય છે.

છપાવેલી બે ભાગની ૧૦૦૦૦ પ્રતો ખપી ગયા પછી ફરી છપાવવાનો વિચાર રાખ્યો નથી, તોપણ મફત વહેંચવા વાસ્તે સેંકડો અને હજારો નકલોની માગણી આવ્યા કરશે, તો તે વખતે વિચાર કરી મારા પરમપ્રિય સનાતનહિંદુધર્મના સાચાઆગ્રહી અને સ્વધર્મનિષ્ઠ સજ્જન બંધુઓની ઇચ્છા આગ્રહ અને અનુગ્રહ વશ થઇ ત્રીજો ભાગ છપાવીશ. આ ચોપડી શુદ્ધબુદ્ધિથી કંઇ પણ ઇર્ષા કે દ્વેષની લાગણી વગર પ્રભુપ્રિત્યર્થે લખીને પ્રકટ કરવામાં આવી છે. આર્યસમાજીઓને ઘટે છે કે, કંઇ ખોટું ન લગાડતાં કે માઠું ન માનતાં, સત્યનું ગ્રહણ અને અસત્યનો ત્યાગ

કરવાના તમારા નિયમ પ્રમાણે વર્ત્તજો. ખોટો પક્ષાગ્રહ અને દુ-રાગ્રહ રાખી ખેદ કે ક્લેશ કરવો ઠીક નથી. મારૂં લખવું ખોટું હોય તે તમારા જાહેરછાપામાં દલીલો અને પ્રમાણો સાથે સિદ્ધ કરજો. હું એવો ફાંકો કે ગુમાન રાખતોજ નથી કે મારા લખવા-માં કંઇ અશુદ્ધિ કે ભૂલ ન હોય ! કદાચ જણાઇ આવે તો તે સાબિત કરી આપી મારી ખાત્રી કરી દેવામાં આવશે, તો વગર સંકોચે તે ભૂલ હું સુધારી લઇશ. છતાં મિથ્યાભિમાનથી ઘમંડમાં રહી નકામા બખાળા પાડી ખોટી ધાંધલ અને ગડબડ કરશે તો તેને હું પત કરવાનો નથી, અને પ્રતિપક્ષી–આર્યસમાજીઓનો કંઇ દી પણ વળવાનો નથી, પણ ફોકટ ફજેત અને બદનામ થઇ લોકોમાં હાસીને પાત્ર થશે અને રહીસહી ઇજત આબરૂ તથા પ્રતિષ્ઠા પણ ગુમાવી બેસશે. મારી તો સવિનય વિનંતિ છે કે સ-ખણા રહી તમારૂં ફોડી લ્યો, પણ નકામાં ખંડન, શાસ્ત્રાર્થ અને ઠઠ્ઠામશ્કરી કરીને સામાને હલકા પાડવાની અને પોતાનું પોત ખોઇ બેસવાની મિથ્યા પ્રવૃત્તિથી તો સદા દૂરજ રહેશો. પરમાત્મા તેમને સુબુદ્ધિ અને સદ્જ્ઞાન આપો !

દીવાસો સંવત ૧૯૭૧ મંગળવાર. તા. ૯–૮–૧૯૧૫.

નિવેદક અને પ્રકાશકઃ–શા. હિંમતલાલ વ્રજવલ્લભ વીમાવાળા.

"મહાજ્યોતિઃ કાર્યાલય" ટંકશાલ સામે–ખજુરીની પોળ.

અમદાવાદ—*Ahmedabad.*

॥ ॐ तत्सत् पूर्णपुरुषोत्तम श्रीकृष्णपरमात्मने नमः ॥

દયાનંદદંભદર્પણ—ભાગ પહેલો.

આર્યસમાજના આદમ અને ભગવાનનાં જાતિ ને કુળશીળ.

આર્યસમાજના મહર્ષિ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય સ્વામીશ્રી **દયાનન્દ સરસ્વતી**ની જન્મભૂમિ હોવાનું સૌભાગ્ય કાઠીઆવાડ પ્રાંતમાંના મોરબી તાબાના રામપુરા ગામને પ્રાપ્ત થયું હતું. તે ગામમાં એક ભજન હરિ નામે કાપડી રહેતો હતો, તેને કેવળ એક કન્યા સિવાય કોઇ પુત્ર સંતાન નહોતું. તે બાપડાને શ્રાદ્ધતર્પણ કરી ઉદ્ધાર કરનારા પુત્રનું મુખ જોવાની પ્રચુર લાલસા અહોનિશ થયા કરતી હતી. એક સમયે કોઇ મહાત્માએ તેને કહ્યું કે:—ગાયના ઘીનો દીવો ૧૦૧ દહાડા સુધી મહાદેવના દહેરામાં કરે, તો ભોળાનાથ ભગવાનઆસુતોષની કૃપાથી તને કુલદીપક પુત્રની પ્રાપ્તિ થાય. ભજન હરિની વૃદ્ધાવસ્થા થઇ ગઇ હતી અને પુત્રોત્પત્તિની આકાંક્ષા ઘણી પ્રબળ હતી, તેના નાના ભાઇ સીતારામ હરિને પણ કોઇ પુત્ર નહોતો. ધર્મકાર્યમાં ભજનહરિની બુદ્ધિ અને શ્રદ્ધા સદા સર્વદાથીજ સારી હતી, તેથી મહાત્માનો ઉપદેશ સહર્ષ માની શિવાલયમાં દીવો કરવા લાગ્યો. થોડાજ દિવસમાં શિવકૃપાથી તેની સ્ત્રીને ગર્ભ રહ્યો અને સંવત ૧૮૮૧ શાકે ૧૭૪૬ ઇ. સ. ૧૮૨૪ માં ભાદરવા શુદ ૯ ગુરૂવારે મધ્યાને પુત્ર જન્મ્યો. ભજન હરિના સકળ કુટુંબપરિવારમાં પુત્રજન્મથી અત્યાનંદ થયો અને શિવજીના પ્રતાપથી થયેલા તે પુત્રનું નામ પરમભાવથી **શિવ ભજન** રાખ્યું. દશમે દિવસે ભજન હરિ દીવો કરતો હતો તે શિવાલયમાં બાળકને લઇ ગયો, અને કરસંપુટ કરી શિર નમાવી શિવલિંગ સામે ઉભો રહી ભજન હરિ

પ્રાર્થના કરવા લાગ્યો કેઃ—"હે સદાશિવ! હું તો મહામંદભાગી છું અને આ જે કંઇ છે તે આપ દીનદયાળનો અનુગ્રહ અને પ્રતાપ છે, આજથીજ આ બાળકને આપનો નૃત્યકાર સમજી પહેલેથીજ એને એ વિદ્યા ભણાવીશ, આપ કૃપાળુ એ જીવને સર્વ પ્રકારનાં કષ્ટો અને અનિષ્ટોથી બચાવીને તેને નિર્ભય અને નીરોગી રાખો, મારા બુઢાપાની ટેક આપનેજ હાથ છે." એ વગેરે શિવસ્તુતિ કરીને બાળકને પાછો ઘેર લાવ્યો અને પુત્રવાત્સલ્યથી બુઢ્ઢો કાપડી તેનું લાલનપાલન કરવા લાગ્યો. જોશીને બોલાવી જન્માક્ષર કરાવી પુત્ર કેવો પાકશે તે પૂછતાં જોશીજીએ કહ્યું કેઃ—"ઉત્તમ ગ્રહને અભાવે એ ભાગ્યેજ જીવતો રહે, પણ એક બે ગ્રહોના સારા ફળથી જીવતો રહેશે તો એ પુત્ર ઘણોજ પ્રતાપી અને પ્રસિદ્ધ પુરૂષ થશે." આ સાંભળી વૃદ્ધ પિતા ઘણોજ ખુશી થયો. શિવ ભજન પાંચ વર્ષનો થતાં તેના બાપે વિદ્યારંભ કરાવ્યો. બાળકની બુદ્ધિ સારી હોવાથી તેનાપર ગુરૂનો અનુગ્રહ પણ અધિક થયો અને થોડાજ દિવસમાં ઘણીખરી વિદ્યા શિખ્યો. શાળામાં શિખવા ઉપરાંત ઘેર હોય તેટલા વખતમાં લાડીલા પુત્રને **ભજન હરિ** પોતાનો કુળધંધો ગીતનૃત્ય આદિ પણ શિખવવા લાગ્યો. આઠમે વર્ષે યથાવિધિ જનોઇ આપ્યું. ૧૩—૧૪ વર્ષની વયે અક્ષર શબ્દવિદ્યા અને ગાવા નાચવાની કળામાં સારો અભ્યાસ કરી લીધો હતો. શરીરે ગોરો અને નૃત્યકળામાં નામાંકિત થવાથી એ રૂપાળો રઢીયાળો બાળક એટલો બધો વિખ્યાત થયો હતો કે તેનું નૃત્ય જોવાના મોહથી દૂરદૂરના લોકો આવતા હતા.

એ રામપુરા ગામ પાસે વાંકાનેર નામના ઉત્તમ ગામનો રહીશ એક જમીનદારનો રૂપરસિક છોકરો, જેમ હાલમાં રાસધારીઓ અને નાટકોના રૂપાળા છોકરાપર કેટલાકને મોહ થાયછે,

તેમ શિવ ભજનના નૃત્યથી મોહિત થઇ પોતાનું ઘર છોડી રાત—દહાડો ભજન હરિ કાપડીને ઘેર પડી રહેવા લાગ્યો. એવામાં મહા-શિવરાત્રિનું પુણ્યપર્વ આવતાં ભજન હરિ બંધુમંડળી અને સાજબાજ લઇને પોતાના કૃપાનિધાન શિવજીના દેરામાં ગયો. શિવ ભજનને નૃતકી બનાવી નાચવાને માટે ઉભો કર્યો ત્યારે તે બોલ્યો કેઃ—" બાપા ! બીજા કોઇ મંદિરમાં જઇએ છીએ ત્યાં તો પુજારી વગેરે લોકો ધનમાલ આપે છે, પણ આ વેરાન જંગલમાં તો રસ્તે જતા લોકો તમાસો જોવા ઉભા છે, કોઇ દાતાર પુરૂષો તો છેજ નહિ, તો પછી શી આશાથી અહીં જાગરણ કરો છો ? " ત્યારે ઘરડો ભજન હરિ કહે છે કે—" બેટા ! આ શિવજી સર્વની આશા પુરી કરે છે અને હું તો એમનો મહદુપકાર જન્માંતરમાં પણ નહિ ભુલું. " મહાદેવજીની આટલી વડાઇ—શ્રેષ્ઠતા સાંભળી શિવ ભજનને ઘણો હરખ થયો અને મનમાં વિચાર કર્યો કે, મહાદેવનું આટલું બધું માહાત્મ્ય છે તો હું પણ કાંઇ માગું. એમ વિચારી મનમાંજ પ્રાર્થના કરવા માંડી કેઃ—હે શિવજી ! આપની સન્મુખ ઇન્દ્રની અપ્સરાઓ કરતાં પણ સરસ નૃત્ય કરીશ અને નારદ કિન્નર ગંધર્વાદિ કરતાં પણ સારી રીતે આપના ગુણાનુવાદ ગાઇશ; એ સેવાનું યથાર્થ ફળ આપવા આપ ભોળાનાથ સમર્થ છો. પછી તેણે મન મુકીને એવું તો નૃત્ય કર્યું કે પાર્વતીજી આગળ શિવજીએ પણ નહિ કર્યું હોય ! એ પ્રમાણે મધ્યરાત્રિ સુધી જાગરણ થયું અને મહાદેવે જે વરદાન (શિવ ભજનના નૃત્યથી પ્રસન્ન થઇ વર આપ્યો કે, હે બાળક ! તું પ્રસિદ્ધ પુરૂષ થઇશ, પણ તારા બાપે પૈસા કમાવાના લોભથી પોતાનું વચન બરોબર ન પાળતાં આજના પહેલાં તારા નાચ બીજાં અનેક સ્થાનોએ કરાવ્યાથી તેને તારૂ સુખ નહિ હોય.)

આપવું હતું તે દઈ દીધું. પણ શિવ ભજન તો એ આશામાં જાગતો રહ્યો કે શંકર પ્રકટ થઈ મારી સેવાનું ફળ આપશે ! બધા સુઈ ગયા, ત્યારે શિવલિંગપર ચડાવેલાં ફળફુલ, મેવામીઠાઈ વગેરે ઉંદરો લઈ જવા લાગ્યા અને શિવલિંગપર લીંડીઓ પણ કરી. તે જોઈ શિવ ભજનને ઘણીજ નવાઈ લાગી અને મનમાં વિચાર કરવા લાગ્યો કેઃ—જે મહાદેવ પોતાનુંજ સંભાળતા નથી તે મારી આશા શું પુરશે ? એમ વિચારી નિરાશ થઈને તે સુઈ ગયો. સવારે બધા ઉઠયા એટલે ભજન હરિએ દીકરાને જગાડીને કહ્યું કેઃ—ઉઠ બેટા ! મહાદેવને નમસ્કાર કરી ઘેર જઈએ પણ પિતૃવચનનો અનાદર કરી શિવ ભજન બોલ્યો કેઃ—હું નહિ નમું ! મહાદેવમાં તે શું દૈવત છે ? જે ઉંદરડાથી પોતાનો માલ બચાવી ન શક્યો તે મારૂં તો શુંજ ભલુ કરી નાંખવાનો હતો ? ! આવું સાંભળી વિચાર કરી ભજન હરિ શ્વેતાશ્વેતર ઉપનિષતની શ્રુતિ બોલ્યો કેઃ—**मायां तु प्रकृतिं विद्यान् मायिनन्तु महेश्वरम्** હે પુત્ર ! પ્રકૃતિનું નામ માયા છે અને પ્રકૃતિથી અવિચ્છિન્ન જે ચૈતન્ય તેનું નામ મહેશ્વર વા પરમેશ્વર છે. વળી કહ્યું કેઃ—"પરમેશ્વરની જેવા રૂપે ઉપાસના થાય છે, તદ્રૂપજ તે થઈ જાય છે, અને તેજ રૂપે પોતાના ઉપાસકનું સંરક્ષણ પણ કરે છે. તેટલા માટે જેઓ એવા ગુણસંપન્ન ઇશ્વરને જાણે છે તેમને ઘટે છે કે એ સર્વ રૂપોથી તેની ઉપાસના કરે. બ્રહ્મ સર્વસ્વરૂપ થઈ જાય છે અને તદ્રૂપ થઈ એ સઉનું રક્ષણ કરે છે; એવી રીતે મહાદેવજી પણ છે." ભજન હરિ શુદ્ર હોવા છતાં પણ સારો જ્ઞાની અને પરમશિવભક્ત હતો, તેથી તેણે પ્રિય પુત્રને એ રીતે બોધ કરી સમજાવ્યો. છતાંપિ શિવ ભજને તો સાફ કહી દીધું કેઃ—હવે હું તમારી એ વાત નહિજ માનું. ધાતુ પાષાણની પ્રતિમાપર મને

વિશ્વાસ નથી એથી કંઇ ફળ મળતું નથી તેની પૂજા કરવી સ-ર્વથા વ્યર્થ છે; હું આપની બીજી બધી વાતો માનીશ પણ મારી આગળ મૂર્ત્તિપૂજાનું તો નામજ ન દેતા. આ મર્મભેદક વચનો સાંભળી બાપડા વૃદ્ધ ભજન હરિને ઘણું કષ્ટ થયું અને ગુસ્સે થઇ જઇ લાડકડા દીકરાને પણ સારૂંખોટું કહી દીધું. આ વખતે શિવ ભજનપર આશક થએલો તેનો મિત્ર જમીનદારનો પુત્ર પણ ત્યાં હાજર હતો. ખેદ પામી ભજન હરિ ઘેર આવ્યો અને દીકરાથી એટલો બધો નારાજ થયો કે મુખેથી બોલવું પણ છોડી દીધું. હવે શિવ ભજનનું ગીતનૃત્ય તો બિલકુલ છુટીજ ગયું, કેવળ દાદી મા બહેન અને કાકા કાકીના આધારે વ્યાકરણજ ભણતો રહ્યો. ૧૬—૧૭ વર્ષની ઉમર થતાં તેની પ્રિય ભગિની અને વહાલા કાકા પરલોકવાસી થયાં; તેથી શિવ ભજનને ઘણોજ ખેદ થયો. બાપ જોડે અણુરાગ થયો હતો, અને ઘરમાં પ્રેમથી બોલાવનાર દાદી અને મા વગર હવે કોઇ રહ્યું નહિ. ભજન હરિએ વિચાર્યું કે છોકરાને પરણાવું તો ઠેકાણે આવે—એવું સમજી લગ્નની તૈયારી કરવા માંડી. તે જોઇ શિવ ભજનના મિત્ર જમીનદારપુત્રે કહ્યું કેઃ—દોસ્ત, હવે શું કરશો ? ઘણા વખતથી આપણા વચ્ચે વાતચિત્ત થઇ છે કે પરણીને પીડામાં નથી પડવું. હવે તો કોઇ પણ બ્હાને અહીંથી નાસી જવું એજ વિચાર મને તો ઠીક લાગે છે. તે વાત કબુલ રાખી શિવ ભજને મિત્ર સાથે રાજકોટ પાઠશાળામાં ભણવા જ-વાની પોતાનાં માબાપ પાસે રજા માગીઃ પણ ચતુર બાપે ચેતી જઇ જવા ન દીધો. લગ્ન ઢુંકડાં આવ્યાં ત્યારે લાગ જોઇને ૧૬ વર્ષનો શિવ ભજન અને ૨૨ વર્ષનો તેનો મિત્ર જમીનદારપુત્ર બંને છાનામાના ઘર, ગામ અને સગાંવહાલાં છોડીને દેશાંતર ચાલ્યા ગયા. એ કાપડીપુત્ર શિવ ભજન તેજ દયાનંદ ! કેટલે વર્ષે પોતે

જમીનદારના પુત્ર હોવાનું સ્વામીજીએ કહેલું તે તદ્દન જૂઠું અને નિરાધાર. તેમનો ભાગી ગયેલો મિત્ર કે જે જમીનદાર પુત્ર હતો તેને બદલે પોતેજ જમીનદારના દીકરા હોવાનું ઓઠવી દીધું. પણ સત્ય ઢાંક્યું રહેતું નથી અને પાપ પ્રકટ થાય છેજ, એ નિયમે સાચી વાત અંતે બહાર આવી છે અને બધું પોગળ વેરાઇ ગયું છે.

દયાનંદનાં સંક્ષિપ્ત અને વિસ્તૃત જીવનચરિત્રો લખવા માંડયાં છે, તે પ્રકટ થયે દલીલો અને પ્રમાણો આપી સિદ્ધ કરેલી વાતોથી બધા ભેદભરમ ખુલી જશે; સબુર કરો ! વળી દયાનંદનાં વેદભાષ્ય તદ્દન ખોટાં અપ્રામાણિક અને કપોલકલ્પિત છે, એ સંબંધી કેટલાક ઉતારા અને દેશીવિદેશી વિદ્વાનો, પંડિતો વગેરેના અભિપ્રાયો સાથે લેખ લખાય છે; તે પણ હવે પછી પ્રકટ થવાના **દયાનંદ-દંભદર્પણ**ના ભાગ ૩-૪ માં આવશે. દયાનંદે મિત્રદ્રોહ અને વિશ્વાસઘાત કેવા કર્યા છે ? એ બધુ તો એના જીવનચરિત્રમાંજ ક્રમવાર આવશે. અમેરિકાના કર્નલ આલ્કાટ સાહેબ અને મેડમ બ્લાવાટસ્કી કે **જેમણે થિયોસોફીકલ સોસાઇટી** સ્થાપન કરી છે, તેમની સાથે દયાનંદને ગાઢ સ્નેહ હતો, દયાનંદ એ સોસાઇટીનો મેમ્બર પણ હતો, અને ઘણો વખત તેમનો સ્નેહસંબંધ નભ્યો. પણ કંઇ વાંકું પડતાં-સ્વાર્થ સાધનમાં ડખલ થતાં કે તેવાંજ કંઇ કારણોથી જે કર્નલ આલ્કાટ સાહેબને દયાનંદ ઋષિ કહેતા હતા અને જેમના **થીયોસોફીસ્ટ** અંગ્રેજીપત્રમાં દયાનંદે સ્વજીવનચરિત્ર સન ૧૮૭૯-૮૦ માં પ્રસન્નતાપૂર્વક છપાવ્યું હતું, તેજ દયાનંદે એ તો "ભૂતપ્રેતને માને છે," એમ કહી તેમની સાથે વિરોધ કર્યો અને ભુંડું બોલવા માંડયું. મુરાદાબાદ આર્યસમાજના મંત્રી મુન્સી ઇન્દ્રમણિજી કે જે દયાનંદના આજ્ઞાપાલક અનન્ય ભક્ત અને શિષ્ય હતા, તેમણે ઇસ્લામ ધર્મના ખંડનનાં

પ૭૪

૩—૪ પુસ્તક પ્રકટ કરવાથી મુસલમાનોએ ચીડાઇને તેમના પર ફરિયાદી કરી. આ આફતમાંથી ઇન્દ્રમણિજીનો બચાવ કરવાને દયાનંદે સમગ્ર આર્યસમાજોને ખબર અપાવી એક ફંડ ખોલ્યું, જેમાં આશરે રૂ. ૪૦૦૦) આવ્યા હતા. ફંડનાં નાણાં મેરઠના રહીશ રામશરણદાસ ઉપર તેમ દયાનંદજી પાસે આવતાં હતાં.

મેજીસ્ટ્રેટે રૂ ૫૦૦) નો દંડ કરેલો તે ઉપર અપીલ કરેલી તેમાં બેરિસ્ટરને ફી આપવામાં જરૂર પડતાં મુન્સી ઇન્દ્રમણિજીએ રૂપૈયા માગતાં મેરઠવાળાએ દાદ ન આપી, આમ રખડી પડવાથી ઇન્દ્રમણીએ ભારતમિત્રમાં છપાવ્યું કે, બચાવ ફંડનાં નાણાં પરભાર્યાં મને મોકલો બીજે મોકલેલાં મને મળતાં નથી. ત્યારપછી ફંડનાં નાણાં મુન્સીજી પાસે આવવા લાગ્યાં. તે જોઇ દયાનંદે તેમની સાથે વિરોધ કર્યો, અજમેરના દેશહિતૈષીમાં નોટીસો છપાવી, વગેરે ઘણા ઝગડા કર્યા. તેમજ પોતાના બચાવમાં મુન્સી ઇન્દ્રમણીજીએ અને તેમના મિત્ર લાલા જગન્નાથદાસે પણ નોટીસો છપાવી. આ બખેડાથી દયાનંદની ધારણા (ઉપદેશક ફંડમાં લાખ રૂપૈયા ભરાવવા હતા તે) ધૂળ મળી, અને ધનલોલુપ ઠરી ફજેત થયા એ તો વળી જુદું ! ત્યાગી, સંન્યાસી અને યોગીને તે વળી મોહ-મમતા શી ? પણ જન્મનો જાતિસ્વભાવ તે કઇ જાય !!!

દયાનંદ ભંગી* પણ હતો, દલપતરાયે છપાવેલા જીવનચરિત્રના ૫૮ મે પાને ચાંડાલગઢના વર્ણનમાં લખેલું છે કેઃ—" માઠા નસીબે અહીં મને ભાંગ પીવાની ટેવ પડી ગઇ અને કોઇ કોઇવાર નો ભાંગ પીવાથી સર્વથા બેહોશ થઇ જતો હતો " આવા ભંગીના લેખ અને કથનપર વિશ્વાસ રાખવો એ ડહાપણ નથી. દયાનંદે સત્યાર્થપ્રકાશ, સંસ્કારવિધિ, ઋગ્વેદાદિભાષ્યભૂમિકા અને

*ભંગી એટલે ભાંગ પીનારો. હલાલખોર—ઢેડો નહિ સમજવો.

યજુર્વેદભાષ્ય વગેરે પુસ્તકો પ્રકટ કર્યાં છે. તેમાં એટલી બધી ભૂલો, પરસ્પર વિરોધો અને કપોલકલ્પિત બનાવટી અસંભવિત જુઠી વાતો જણાવેલી છે, કે પ્રભુ તોબા ! વેદની હિમાયત કરવાનો દંભ કરી ઘણી વેદવિરૂદ્ધ વાતો જણાવી વેદપ્રતારણાજ કરી છે ! અને તેના ઉપર એટલાં બધાં ચુંથણાં ટીકાઓ અને વિવાદો થયાં છે, કે તે બધાંનો સંગ્રહ કરવામાં આવે, તો રામાયણ ભાગવત અને મહાભારત જેવડા મોટા ગ્રંથો થાય !

સન ૧૮૭૫ માં કાશીમાં છપાવેલા સત્યાર્થપ્રકાશમાં ૪૫ મે પાને પ્રાતઃસાયં માંસાદિથી હોમ કરવાનું લખેલું છે. ૯૭ મે પાને લખ્યું છે કેઃ—મલેચ્છ નામ નિંદિત નથી, જે પુરૂષોના ઉચ્ચારણમાં વર્ણોનો સ્પષ્ટ ઉચ્ચાર નથી થતો, એમનું નામ મલેચ્છ છે; સમાજોમાં ઘણા ખરા મેંબરો એવા પણ હશે, કે જેમનાથી વર્ણોનો સ્પષ્ટ ઉચ્ચાર કદાપિ નહિ થઇ શકે, તો શુ તેઓ દયાનંદના લેખાનુસાર મલેચ્છ ઠર્યા? હવે જોવાનું એ છે કે દયાનંદીઓ પોતાના ગુરુની એ આજ્ઞાનો સ્વીકાર કરે છે કે તિરસ્કાર !

વળી ૧૪૮ મે પાને ગાયને ગધેડી બરાબર સમજી લખ્યું છે કેઃ—ગાય તો પશુ છે, તો શું પશુની પૂજા કરવી જોઇયે? કદી નહિ. કિન્તુ એની તો પૂજા એ છે કે ઘાસ જળ વગેરેથી તેની રક્ષા કરવી, અને તે પણ દુગ્ધાદિક પ્રયોજન માટે અન્યથા નહિ. પાને ૧૪૯ મે લખ્યું છે કેઃ—માંસના પિંડ આપવામાં કંઇ પાપ નથી. પાને ૧૭૧ મે લખ્યું છે કેઃ—યજ્ઞને વાસ્તે જે પશુઓની હિંસા છે, એ વિધિ પૂર્વક હનન છે.” પાને૩૦૨મે જણાવ્યું છે કેઃ—કોઇ પણ માંસ ન ખાય, તો જાનવર પક્ષી માંછલાં અને જળજંતુ એટલાં બધા છે કે તે સેંકડો હજારો ગણાં વધી જાય, પછી માણસોને મારવા લાગે અને ખેતરોમાં ધાન્ય પણ ન થવા

પામે, એટલે પછી સર્વ મનુષ્યોની આજીવિકા નષ્ટ થવાથી સર્વ મનુષ્યો નષ્ટ થઈ જાય. પાને૩૦૩મે લખ્યું છે કેઃ—જ્યાં જ્યાં ગો-મેધાદિક લખ્યું છે ત્યાં ત્યાં પશુઓમાં નરને મારવા. અને એક સાંઢથી હજારો ગાયો ગર્ભવતી થાય છે, એથી હાનિ પણ નથી થતી, અને જે વંધ્યા ગાય હોય તેને પણ ગોમેધમાં મારવી, કેમકે વાંઝણી ગાયથી દુધ અને વાછરડાંની ઉત્પત્તિ તો થતી નથી! પાને૩૯૯મે લખ્યું છે કેઃ—પશુઓને મારવામાં જો કે થોડું દુઃખ થાય છે, પણ યજ્ઞમાં ચરાચરનો અત્યંત ઉપકાર થાય છે. વળી એજ સત્યાર્થપ્રકાશના ૪૨ અને ૪૩મે પાને સાફસાફ મૃતકોનું શ્રાદ્ધ લખ્યું છે, અને ૪૭ તથા ૪૮મે પાને મૃતકોના શ્રાદ્ધના લાભ પણ વિસ્તારપૂર્વક લખ્યા છે. અને પાછળથી એજ દયાનંદ મૃતકના શ્રાદ્ધનું ખંડન કરી જીવિત પિતરોના શ્રાદ્ધની વાત કરવા લાગ્યા હતા; અને તેવું આર્યસમાજીઓ હજુ પણ માને છે.

ઉપરના ઉતારાથી સ્પષ્ટ સમજાય છે કે દયાનંદ નામધારીનામાં દયાનો છાંટો પણ નહોતો; પણ તે નિર્દય અને કરપીણ હતો. જે ભાંગની નીશામાં ચકચૂર થઇ બેભાન થઇ પડયો રહે; તેની લખવાબોલવામાં તે શા ઢંગધડા હોય?! બુદ્ધિમાન સારી પેઠે સમજી શકશે કે દયાનંદ વેદધર્મનો પ્રચારક નહિ, પણ પાખંડ અને અધ-

*દયાનંદ—દંભદર્પણ ભાગ ૧ લો તથા ૨ જો—આર્યસમાજના મહર્ષિજીના જન્મ જાતિનો ખરો હેવાલ, દયાનંદના પલટાતા વિચારો, સત્યાર્થ પ્રકાશ યજુર્વેદ ભાષ્ય વગેરે ગ્રંથોમાં પરસ્પર વિરોધો, વેદવિરુદ્ધ કપોલકલ્પિત ખોટી વાતો, વેદભાષ્ય વગેરેમાં અનેક ભૂલો અને અનર્થકારી અસંભવિત મિથ્યા કલ્પનાઓ વગેરેનું પ્રદર્શન. મૂલ્ય અતિ સસ્તુ દરેક ભાગનો એક પૈસો, બે ભાગની ૭ પાઇ; પોસ્ટેજ જુદું. સોનો ૧ રૂપૈયો સવા.

મેની વૃદ્ધિ કરનાર હતો. સત્યાર્થપ્રકાશની ૧૮૭૫ની આવૃત્તિમાંની ઘણીખરી બાબતો ત્યાર પછીની આવૃત્તિઓમાં નથી અને ઘણો ફેરફાર—સુધારો વધારો કરી નાંખ્યો છે, છતાંપિ ભૂમિકામાં તો જણાવ્યા કર્યું છે કેઃ—ભાષાની શુદ્ધિ સિવાય કંઇ ફેરફાર કર્યો નથી, એ તે કેવો લબાડી અને નરાતાલ જૂઠાણું ?! કબાડી વિના આવી લબાડી અને જૂઠનું તૂત ઋષિસંતાન મહર્ષિ હોય તો કદી કરે કે ?!

દયાનંદે ભાષાગ્રંથોને મિથ્યા, કપોલકલ્પિત, બનાવટી અને ખોટા કહ્યા છે. આ કટાક્ષ ગોસ્વામી શ્રી તુલસીદાસજીના જગપ્રસિદ્ધ પરમમાનનીય રામાયણને માટે કરેલો લાગે છે. પણ એ લબાડી કબાડીના સત્યાર્થપ્રકાશ, સંસ્કારવિધિ, ઋગ્વેદાદિભાષ્યભૂમિકા વગેરે ભાષાગ્રંથો તો બિલ્કુલ બનાવટી કપોલકલ્પિત અને કુસંપકલેશની વૃદ્ધિ કરનારા ખોટા હોવાથી તેની તો સત્વર હોળીજ કરવી જોઇયે ! પણ નાફરમાની અને બેઇમાનીમાં આનંદ માનનાર દયાનંદીઓ પોતાના મહર્ષિ ગુરુની આજ્ઞા માનતા નથી, અને તે ભાષાગ્રંથોની આવૃત્તિઓ 'દે દલા દાળમાં પાણી' કરીને કઢાવે જાય છે. અને મનમાં આવે તથા ફાવે તેવાં ગુજરાતી, મરાઠી, ઉર્દુ અને અંગ્રેજીમાં ભાષાંતરો પણ બહાર પાડે જાય છે. આવી મિથ્યા પ્રવૃત્તિથી તેઓ કંઈ પણ કાંદા કાઢવાના નથી, કારણ કે જનસમાજ હવે જાગ્રત થઈ ગયો છે; જેથી ભોળા ભલા અને સીધા માણસોને ફંદામાં ફસાવી દયાનંદીદળ વધારીને ફાવી જવાય તેમ હવે રહ્યું નથી. અને કોઇ બુદ્ધિશુન્ય બબુચકો એ બમેળસમાં જોડાશે, તો તેથી સાચા પક્ષને તો કાંઇ હાનિ નથી.

ઋગ્વેદાદિભાષ્યભૂમિકાના ૨૪મે પાને તો લખ્યું છે કેઃ—"પુરૂષને વેદની એવી આજ્ઞા છે કે, એ વિવાહિત વા નિયોજિત સ્ત્રીમાં દશ

સંતાન સુધી ઉત્પન્ન કરે. આની પછીની બે લીટી ઉપરાંત લખે છે કેઃ—વિવાહિત પતિના મરવા કે રોગી થવાથી બીજા પુરૂષ વા સ્ત્રી સાથે સંતાનોના અભાવે નિયોગ કરે, અને બીજાના મરવા કે રોગી થવાથી વળી ત્રીજાની સાથે કરી લે; એ રીતે દશમા સુધી કરવાની આજ્ઞા છે. અહીં વિચારવાનું તો એ છે કે, પ્રથમ તો વેદની એ આજ્ઞા પ્રકટ કરી, કે જે સ્ત્રી સાથે નિયોગ કરે, તેમાં દશ સંતાન સુધી ઉત્પન્ન કરે, પછી એમ કહ્યું કે સંતાનોના અભાવમાં નિયોગ કરે. જ્યારે નિયોગની આજ્ઞા સંતાનોના અભાવમાં છે, તો પછી નિયોગથી દશ સંતાન સુધી ઉત્પન્ન કરવાં એ સર્વથા બુદ્ધિથી વિરુદ્ધ છે. કેમકે એક છોકરો કે છોડી હોવાથી માણસ સંતાન રહિત નથી કહી શકાતો, તો દશ સંતાન સુધી ઉત્પન્ન કરવાનું રહ્યું ક્યાં ?! આવી રીતે નિરંકુશિત અને અબાધિત વ્યભિચાર અને સ્વેચ્છાચારની પ્રવૃત્તિની વેદઆજ્ઞા બતાવનારા દાંભિક દયાનંદને તે કોણ મહર્ષિ કહેશે ?!

સત્યાર્થપ્રકાશના ૯૭મે પાને લખેલું છે કેઃ—"ઉત્તમ સ્ત્રી સર્વ દેશ તથા સર્વ જાતના મનુષ્યો પાસેથી ગ્રહણ કરવી." આ આજ્ઞાનુસાર મુસલમાન, ખ્રીસ્તી, ઢેડ, ભંગી, ચમાર સુદ્ધાંતની રૂપાળી સ્ત્રી હોય, તો તે પણ લેવી, એમ ઠર્યું. પરંતુ ખેદની વાત એ છે કે, ભોળભાલુ દયાનંદીઓ જાહેર રીતે તેવો રોટીબેટીનો વ્યવહાર બધે ચલાવી ગુરુની આજ્ઞાનું ગૌરવ વધારતા નથી ! જો કે નાતજાતની નિંદા કરે છે, છતાંપિ નાતજાતમાંજ પરણવાપરણાવવાની દરકાર રાખે છે, તે કેટલી નાલાસીની વાત છે ?! માટે સાચા સુધારક આર્યસમાજીઓએ તો બેટાબેટી, ઢેડ, ભંગી, ઘસાઇ, કસાઇ વગેરેમાંથી ગુણકર્માનુસાર ઉત્તમ સ્ત્રીપુરુષ જોઇનેજ પરણાવવાં એજ તેમને માટે તો ઠીક છે

સત્યાર્થપ્રકાશમાં ૮૯મે પાને લખ્યું છે કે:—જો કોઇને એકજ પુત્ર કે પુત્રી હોય અને તે બીજા વર્ણમાં દાખલ થઇ જાય, તો એમનાં માબાપની સેવાચાકરી કરવા તથા વંશનું નામ રાખવાને તેને પોતાના છોકરા છોકરીને બદલે સ્વવર્ણમાંથી વિદ્યાસભા અને રાજસભાની વ્યવસ્થાથી યોગ્ય બીજી સંતાન મળશે, જેથી અવ્યવસ્થા નહિ થાય. ગુણકર્માનુસાર વર્ણવ્યવસ્થા કન્યાઓની સોળમે વર્ષે અને પુરુષોનો પચીસમે વર્ષે પરીક્ષામાં નક્કી કરવી જોઇયે અને સ્વવર્ણનાં સ્ત્રીપુરૂષનાં લગ્ન થવાં જોઇયે. સ્વામીજીની આ આજ્ઞાથી તો નાતજાત તો સર્વથા સમાપ્ત થઇ ગઇ ! કોણ જાણે કે કયી જાતનાં છોકરાં કયી જાતમાં બદલાઇ જશે, અને કયી જાતના છોકરાછોકરીઓનાં લગ્ન કયીકયી જાતના છોકરાછોકરીઓ સાથે થઇ જશે? પરંતુ લગ્ન થયા પછી સ્ત્રીપુરૂષનાં ગુણકર્મ અન્ય વર્ણને યોગ્ય થઇ જાય તો તેમનો બદલો કરવાની જરૂર ખરી કે નહિ? જો જરૂર છે, તો પછી જીવતા સુધી બદલાબદલીજ થયાં કરશે; નહિ તો પછી દયાનંદી વર્ણવ્યવસ્થાનું મૂળ સર્વદા હાલ્યાજ કરશે !!!

વળી પાને ૧૧૮મે લખ્યુ છે કે:—પતિ સંતાનોત્પત્તિમાં અસમર્થ હોય, તો પોતાની સ્ત્રીને રજા આપે કે:—" હે સુભગે ! સૌભાગ્યની ઇચ્છા કરનારી સ્ત્રી ! તું મારાથી બીજા પતિની ઇચ્છા કર, કેમકે હવે મારાથી સંતાનોત્પત્તિની આશા ના કરતી. " તેમજ સ્ત્રી પણ રોગાદિ દોષોથી ગ્રસ્ત હોઇ સંતાનોત્પત્તિમાં અસમર્થ હોય, ત્યારે પોતાના પતિને આજ્ઞા દે કે:—" હે સ્વામિન ! આપ સંતાનોત્પત્તિની ઇચ્છા મારાથી છોડી દઈ કોઇ બીજી વિધવા સ્ત્રી સાથે નિયોગ કરી સંતાનોત્પત્તિ કરો. " ફરી પાને ૧૧૯મે લખ્યું છે કે:—" વિવાહિત સ્ત્રી તેનો વિવાહિત પતિ ધર્મને માટે પરદેશ ગયો હોય તો આઠ વર્ષ, વિદ્યા અને કીર્તિ સારૂ ગયો હોય તો

૭ વર્ષ, અને ધનાદિ કામના માટે ગયો હોય તો ત્રણ વર્ષ વાટ દેખે; પછી નિયોગ કરી સંતાનોત્પત્તિ કરી લે. વિવાહિત પતિ પાછો આવે ત્યારે નિયુક્ત પતિ છુટી જાય !" જો પુરૂષ અત્યંત દુઃખદાયક હોય, તો સ્ત્રીને ઉચિત છે કે તેને છોડીને બીજા પુરુષ સાથે નિયોગ કરી સંતાનોત્પત્તિ કરી એ વિવાહિત પતિનાં દાયભાગી (વારસ) સંતાન ઉત્પન્ન કરી લે. પાને ૧૨૯મે લખ્યું છે કેઃ—"ગર્ભવતી સ્ત્રી સાથે એક વર્ષ સમાગમ ન કરવાના સમયમા પુરૂષ કે સ્ત્રીથી ન રહી શકાય, તો કોઇની સાથે નિયોગ કરી એને માટે પુત્રોત્પત્તિ કરી દે."

જે દયાનંદની બુદ્ધિ, વિદ્યા, જ્ઞાન અને શક્તિ પર આર્યસમાજીઓ ગાજે છે, તે મહર્ષિની શિક્ષા અને ઉપદેશનો સંક્ષેપ અને નમુના ઉપર આપ્યા છે. મને ખાતરી છે કે આવી વાહિયાત વાતો પર શ્રેષ્ઠ લોકો તો શું પણ નીચ લોકો પણ જરૂર ધિક્કાર અને ફીટકારનીજ વૃષ્ટિ કરશે. ગર્ભવતી સાથે નિયોગ કરી તેને બીજો ગર્ભ ધારણ કરાવવાની તો આ અશ્રુતપૂર્વ અને અદ્‌ભુત વાત છે !

સત્યાર્થપ્રકાશ ને વેદભાષ્યમાં વિવેકવિચારને તિલાંજળી !

સત્યાર્થપ્રકાશ પાને ૨૫૮મે લખ્યું છેઃ—"ઉષ્ણ—ગરમ દેશ હોય તો બધા વાળ શિખા (ચોટલી, ચોટલા) સહિત કાપી નંખાવવા જોઇયે, કેમકે માથાપર વાળ રાખવાથી ગરમી વધારે થવાથી બુદ્ધિ ઘટી જાય છે!" બલીહારી છે દયાનંદની બુદ્ધિની ! શિખા અને સૂત્ર હિંદુપણાનું ચિન્હ તેમાં શિખા (ચોટલી) ની તો દરકાર રહી નહિ, અને ચાંલ્લો ચુડો અને ચોટલો એ સોહાગણ સ્ત્રીનો સૌભાગ્યાલંકાર, તે ચોટલો પણ ગરમી વધારે થઇ બુદ્ધિ કમ થઇ જવાની ધાસ્તીથી કાઢી નાંખવાની સ્વામીજીની સદર પરવાનગી છે! તો સમાજીઓએ ગુરૂજીની આજ્ઞા પાળી પોતાનાં અને સ્ત્રીઓનાં

માથાં મુડાવી નાંખવાં જોઇયે. નહિ તો તાપથી ઉનાળામાં માથે ગરમી ચઢી જઇ બુદ્ધિ ઘટી જશે અને પાગલ થઇ જવાશે! પણ આશ્ચર્યની વાત તો એ છે કે શિર મુડાવ્યા છતાંયે દયાનંદની બુદ્ધિ કેમ ઘટી ગઇ ? કે પાગલ—ગાંડાની પેઠે અસંબંધ લવરીજ કર્યાં કરી છે! પાને ૨૬૭મે લખ્યું છે કેઃ—"દ્વિજ (બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય—વાણીઆ) શૂદ્રના હાથની બનાવેલી રસોઇ ખાય" ગુરૂજીની આવી આજ્ઞા હોવાથીજ દયાનંદીઓ અમારા ધર્મરક્ષક બ્રાહ્મણો રાંધવાનું કામ કરી નિર્વાહ ચલાવ છે, તેમને ભઠીઆરા કહીને નિંદતા હશે? ! અને આર્યન બ્રધરહુડ જેવા પ્રીતિભોજનના જગભેળા કરી પોતાનું પોત પ્રકાશતા હશે! ઠીક ત્યારે! પ્રાયશ્ચિત કરીને અને મુછો મુડાવીને નાકટેક વેગળાં મેલી નાતમાં રહેવાનાં ફાંફાં શા માટે માર્યા હશે ? !

વળી પાને ૨૬૬મે લખ્યું છે કેઃ—"સઘળા અહિંસક થઇ જાય તો વ્યાઘ્રાદિક પશુ એટલાં બધાં વધી જાય કે ગાય વગેરે સર્વ પશુઓને મારી ખાય, માટે રાજપુરુષોનું કામ છે કે, હાનીકારક પશુ વા મનુષ્યને દંડ દે અને જીવ પણ લે. પછી તેનું માંસ ચહાય ફેંકી દે, કે કુતરાં વગેરે માંસાહારીઓને ખવરાવી દે, વા બાળી દે, અથવા કોઇ માંસાહારી (માણુસ) ખાય, તોપણ સંસારની કંઇ હાનિ નથી થતી; કિન્તુ એ માણુસનો સ્વભાવ માંસાહારી થઇ હિંસક થઇ શકે છે" અહીં દયાનંદને એ પણ ભાન નથી રહ્યું, કે વાઘસિંહાદિ પશુઓ અને મનુષ્યનું માંસ કોઇ માણુસ ખાય છે કે નહિ! વાહરે બુદ્ધિ!!! પાને ૫૮મે લખ્યું છે કેઃ—"હું વિદ્વાનોને દેવ, અવિદ્વાનોને અસુર, પાપીઓને રાક્ષસ અને અનાચારીઓને પિશાચ માનું છું." હવે નિષ્પક્ષપાતે ન્યાયદૃષ્ટિથી જરા વિચારીયે, તો જેણે પોતાનાં પુસ્તકોમાં સર્વથા વેદવિરુદ્ધ, અસત્ય અને વિવેક બુદ્ધિથી રહિત અશુદ્ધ લેખ લખ્યા

છે, તે દયાનંદ સર્વથા અવિદ્વાન હતો, તો પોતાના લેખાનુસાર તે પોતે અસુર ઠર્યો! અને વળી એમની આર્યસમાજોમાં પણ એવા ઘણા મેંબરો અવિદ્વાન, પાપકર્મ કરનારા અને અનાચારી પણ હશે, તેઓ સર્વે મહર્ષિએ મારેલી લેખની મેખ પ્રમાણે અસુર, રાક્ષસ અને પિશાચ ઠર્યા! માટે પ્રત્યેકને આર્ય કહેવા એ સર્વથા અશુદ્ધ અને સ્વામીશ્રી દયાનંદજીના મન્તવ્યથી તો સર્વાંશે વિરૂદ્ધજ છે.

સત્યાર્થપ્રકાશના સમુલ્લાસ ૭જામાં ૩૭મે પાને '**મનસા પરિક્રમણ**' લખેલ છે, અને પંચમહાયજ્ઞવિધિમાં પણ લખ્યું છે કેઃ—'**अथ मनसा परिक्रमा मंत्राः**' લોકોને દેવમંદિરોમાં અને યાત્રામાં પરિક્રમા અને પ્રદક્ષિણા કરતા જોઇને સ્વામીજીને પણ પોતાના નિરંજન નિરાકાર અને સર્વવ્યાપક ઇશ્વરની આસપાસ મનને ચોગરદમ ફેરવવાની ઇચ્છા થઇ આવી લાગે છે! પરંતુ અનંત અને અગોચર ઇશ્વરની આસપાસ મન કેવી રીતે ફરી શકે, તેનો પણ ખ્યાલ નથી કર્યો?! **अवाङ्मनसगोचरम्** એવો વેદ અને પુરાણ જેનું પ્રતિપાદન કરી રહ્યાં છે; તમે લોકો ઇશ્વરની પરિક્રમા કરવા ચહાતા હો, તો મોડેવહેલે મૂર્તિપૂજાને માન્યા વગર ઇશ્વરનું ધ્યાન, સ્તુતિ, ધૂપદીપ અને પરિક્રમા વગેરે ક્યાંથી કરી શકવાના હતા?! પછી આગળ સમુલ્લાસ ૧૧ના ૨૩૩મે પાને **यन्मनसा न मनुते**ના ભાવાર્થમાં લખ્યું છે કેઃ—"જો મનસે "**इयत्ता**" કરકે, મનમેં નહીં આતા જો મનકો જાનતા હૈ. વગેરે" પહેલાં મનસે પરિક્રમણ લખી પછી આપજ મનથી બહાર બતાવી દે છે. એ પરસ્પર વિરૂદ્ધ નહિ તો શું કહેવાય?!

આખા સત્યાર્થપ્રકાશમાં ભાગવત વગેરે પુરાણોમાંથી પરસ્પર વિરોધો દેખાડવાની તો કંઇ કચાશ રાખી નથી; પરંતુ મહા-

શય ! આપના આ પંચમ વેદ ! (સત્યાર્થપ્રકાશ) માં પરસ્પર વિરોધ અને મનમાની કપોલકલ્પના તથા પોપલીલા કેમ ?! તેનો જરા હૈયું હાથ રાખીને કૃપયા ખુલાસો કરશો કે ?

સત્યાર્થપ્રકાશઃમાં પાને ૭૫ મે **યથેમાં વાચં૦** એ મંત્રથી આપે મનુષ્ય માત્રને (શુદ્ર, ભૃત્ય, સ્ત્રી અને અતિશુદ્રાદિ) ને પણ વેદ ભણવાનો અધિકાર બતલાવ્યો છે, ત્યાં લખ્યું છે કેઃ—"એકને માટે વિધિ અને એકને માટે નિષેધ તો ઇશ્વર પક્ષપાતી ઠરે છે, મનુષ્યમાત્રને ઇશ્વરે પેદા કર્યા, તો સઉને વેદનો અધિકાર કેમ નહિ?" (ભલે એમ માનો, તો પછી પશુઓને પણ વેદ કેમ નથી ભણાવતા ? !) આ તો એવી વાત થઇ કે ' ટકે શેર ભાજી ટકે શેર ખાજાં—ગોળ ને ખોળ એકજ ભાવે. અધિકારની વાત કહો છો તો અધિકાર પરત્વે ભેદ પણ હોય છેજ. જેમકે કોઇ માણસને ચાર છોકરા છે, તેમાંનો એક કોર્ટમાં સિરસ્તેદાર છે, બીજો વકીલાત કરે છે, ત્રીજો ભણે છે અને ઘરનું કામકાજ કરે છે ત્યારે ચોથો નાદાન બચ્ચો હોઇ આખો દિવસ રમે છે. હવે એ માણસે ચાર જાતનાં વસ્ત્ર મંગાવ્યાં, અને જેને જેવા વસ્ત્રનો અધિકારી જોયો, તેવાં આપી તેમની ઇચ્છા પુરી કરી; તોપણ એ પિતા પક્ષપાતી નથી કહેવાતો. તેવીજ રીતે ઇશ્વરે ચારે વર્ણોનાં કર્મ યથાધિકાર સોંપી દીધાં છે. બ્રાહ્મણને જે ફળ ગાયત્રી જપથી થાય છે, તેજ શુદ્રને દ્વાદશાક્ષર મંત્રથી થઇ શકે છે. તો પછી પક્ષપાત કેવો ? પક્ષપાતી તો એ થાય કે ફળમાં ભેદ રાખે. અને જો કદાચ એમ પક્ષપાત થતો હોય, તો સત્યાર્થપ્રકાશ ૧૩૭મે પાને સંન્યાસનો કેવળ બ્રાહ્મણનેજ અધિકાર કેમ બતાવ્યો, શુદ્રાદિકને શા માટે નહિ બતાવ્યો ? ! સંન્યાસગ્રહણમાં બ્રાહ્મણના અધિકારની અધિકતા બતાવી, તો વેદના અધિકારી બ્રાહ્મણને ગણવામાં કંઇ પક્ષ-

વાત છેજ નહિ. અને તેથી શૂદ્ર અને અતિશૂદ્રને વેદનો અધિકાર બતાવવામાં તો દયાનંદજીની સાફ ભુલજ છે. દયાનંદ કેવળ નિષ્પક્ષપાતી અને ઉદારચિત હોત, તો શૂદ્રને મંન્યાસગ્રહણના અધિકારથી દૂર શા માટે રાખત ? !

પરસ્પર **નમસ્તે** કરવાથી મુનશી ઇન્દ્રમણિએ હરદ્વારમાં દયાનંદ સાથે વિવાદ કર્યો, તેમાં મધ્યસ્થ ઇટાવાનિવાસી પંડિતશ્રી ભીમસેનશર્મા થયા હતા, તેમણે એ તરફની તકરાર સાંભળીને અન્તે કહ્યું કે:—' પરસ્પરમાં નમસ્તે કરવા એ અયોગ્ય છે.' પણ દુરાગ્રહથી હઠીલા દયાનંદે એ ચુકાદો માન્ય ન રાખ્યો, ત્યારે મુનશીજીએ મુરાદાબાદમાં ફરીથી એ તકરાર ઉઠાવી, ત્યારે ત્રીજે દહાડે ઘણા માણસોની સામે સ્વામીજીએ હાર સ્વીકારીને પોતાને મોઢે કહ્યું કે:—" વસ્તુતઃ પરસ્પરમાં નમસ્તે કરવા અનુચિત છે, અને નિઃસંદેહ અયોગ્ય પણ છે." દયાનંદે કદી કોઇને નમસ્તે કહ્યા નથી અને ચીઠ્ઠીપત્રીમાં લખ્યા પણ નથી. વિવાદમાં પોતે હારી જઇ **નમસ્તે** કહેવા કરવા અયોગ્ય હોવાનું કબુલ કર્યું છે, પોતે કોઇની સાથે નમસ્તે કરતા કહેતા કે લખતા નહોતા; છતાંપિ પોતાના લાડીલા ચેલાઓને **નમસ્તે** કરવાની આજ્ઞા આપી ગયા છે, અને દંભી દયાનંદે એ બાજુ ઢોલકી બજાવી છે ! પરંતુ **નમસ્તે**=**ન+મસ્તે** મસ્તક (માથા) માં કંઇ નથી, ખાલી શૂન્યકપાળી છે. એવું પરસ્પર એકબીજાને દયાનંદીઓ કહે છે તે છે તો યથાર્થ ! માથામાં નથી બુદ્ધિ, જ્ઞાન કે સારાસાર વિચારશક્તિ; કે નથી કપાળમાં ગંધ, અક્ષત, કુંકુમ, ચંદન, ભસ્મ કે તિલક; ખાલી શૂન્ય કપાળીજ છે, માથામાં માત્ર ભમભમાનું ભુસુંજ ભરેલું છે.

યજુર્વેદભાષ્યમાં અધ્યાય ૨૧—મંત્ર ૫૨ માં સ્ત્રીની છાતી (સ્તન) પકડવાની વિધિ લખી છે. ધન્ય સ્વામીજી ! આપ તો ચહાય તે

કરી શકો ! ? વળી યજુર્વેદ અધ્યાય ૨૧ મંત્ર ૬૦ માં દયાનંદજી પોતાના શિષ્યોને માટે લખે છે કે:—"પ્રાણ અપાનને માટે (छागस्य) બકરા સાથે અને વાણીને માટે મેઢા સાથે તથા પરમ ઐશ્વર્યને સારૂ બેલની સાથે ભોગ કરો." વાહ વાહ ! ! શી દયાળુતા, કેવી અદ્દભુત ફિલોસોફી ? ! હવે દયાનંદીઓને તો ખર્ચ પણ નહિ કરવો પડે ! અને લગ્ન કરવાની પણ જરૂર ન રહી ! કેમકે પોતાના વેદની વિધિ વિરૂદ્ધ સ્ત્રીની સાથે ભોગજ નહિ કરે, ઇચ્છા થશે કે બકરા, ઘેટા યા બેલની સાથે ભોગજ કર્યા કરશે ! ! ! અક્કલ તો ઠીક દોડાવી છે અને યુક્તિ પણ સારી કાઢી છે ! પણ સરકારનો પીનલકોડનો કાયદો જોયો છે કે તેથી શું ફળ મળશે ? સખ્ત મજુરીની કેદ, ઘંટીમાં દાણા દળવાનું કે ચુનો ટીપવાનું તૈયાર છે ! ખેદની વાત છે કે દયાનંદજી ઉટપટાંગ જે વાતો લખી ગયા તે હૈયાફુટા સમાજીઓ સાચીજ માને છે. અંધશ્રદ્ધા અને અંધગુરૂપરંપરાનો આનાથી બીજો કિયો સરસ દૃષ્ટાંત જડવાનો હતો ? ! દેશનું દુર્ભાગ્ય છે કે જ્યાં ઉર્ધ્વરેતા (જેનું વીર્ય કદી નીચે નથી આવ્યું, પણ સદા ઉપરજ ચઢયું રહ્યું છે) થતા હતા,

---

ત્યાં આવી નિન્દિત અને ઘૃણિત શિક્ષા ફેલાવવામાં આવે ! અને એવા ભોગલાલસા કામના ને વિષયવાસનાથી ભરેલા અર્થ કરનારને—ગંડુગુમારને મૂર્ખ મંડળી મુક્તકંઠે મહર્ષિ ને ભગવાન કહ્યા કરે !! આવા ચક્રમ્ શિશ્નોદરપરાયણ ખોટા બોધ માનનારાથી શી દેશોન્નતિ થવાની હતી ? અને દેશનું દળદર પણ શું ફીટવાનું હતું ? ! ભાઇઓ, જોયો કે દયાનંદનો વેદભાષ્યનો ભડકો ! !

આગળ યજુર્વેદ અ૦૨૪ મંત્ર૨૩ માં દયાનંદજી ઉલુક—ઘુવડ પાળવાનું લખે છે. શી મજાહની વાત છે ? આખી દુનિયા મેના, પોપટ, ચંડૂલ, કબુતર, બુલબુલ, કાકાકૌઆ ને મોર પાળે છે, ત્યારે સ્વામીજી સબસે ન્યારા પંથ ચલાવવા વેદાનુકુળ ઉલ્લુક પાળવાનું ફરમાવે છે. ભલે દયાનંદીઓ ગુરૂજીની આજ્ઞા પાળે, અને ઘુવડ પાળી ઉલ્લુ બને ! આ અનિયંત્રિત સ્વતંત્રતાના જમાનામાં જેને ગમે તે ધર્મ પાળે, રોકનાર ટોકનાર કોણ છે ? કોઇ નથી. ત્યાર પછી અધ્યાય ૨૫ મંત્ર ૧ માં સ્વામીજીએ જે અશ્લીલ શબ્દ લખ્યા છે. તેથી સહજ પ્રશ્ન થાય છે કેઃ—દયાનંદીઓ ! કહો જો, વેદ સત્શિક્ષક સંપૂર્ણ વિદ્યાઓનો ભંડાર છે, કે કોઇ વ્યભિચારશિક્ષક અને વર્ધક આધુનિક મદનમહાતમ બઢાવનાર પુસ્તક છે ? ! જે વેદમંત્રાની અપૂર્વ શક્તિ અને અદ્ભુત ચમત્કાર ઋષિયોએ કથેલાં છે, તેના દયાનંદે કેવા વિપરીત અને ખોટા અર્થ કર્યાં છે ? ! અધ્યાય ૨૫ મંત્ર ૭ માં સ્વામીજી પોતાના શિષ્યોને શિક્ષા દે છે કેઃ—અંધ સાપોને ગુદાથી પકડયા કરો. વળી અ૦૨૫ મંત્ર ૪૪ માં ઘેર એક ગર્દભ—રાસભજી બાંધવાનું લખે છે, તો ભલે આર્યસમાજીઓ એક એક ગધેડુ ઘેર બાંધે અને સ્વામીજીના ફરમાન પ્રમાણે વેદાનુકૂળ વર્તે ! અ૦૨૭ મંત્ર૩૪માં વિદ્વાનોને જમાઇના સમાન લખ્યા છે. અ૦૩૭ મંત્ર૭માં લખે છે કેઃ—ઇશ્વર અમારા

ભાઇઓને ઘોડાની લાદથી તપાવે છે ! સાબાશ છે ઇશ્વરને અને ધન્ય છે તેવા ભાષ્યકારને! અ૦૨૯ મંત્ર૪૦માં સ્ત્રીને માતાના તુલ્ય લખી છે; સ્ત્રીને માતાના તુલ્યની ઉપમા આપનારની મોભાગ્ય બુદ્ધિની પણ બલિહારી છે ! અ૦૨૮ મંત્ર૩૨માં સ્વામીજી મનુષ્યોને સમજાવે છે કે—"સાંઢ ગાયોને ગર્ભિણી કરે છે, એમજ તમે સ્ત્રીઓને કરો." વાહરે સ્વામીજી ! શો પશુધર્મનો ઉપદેશ કર્યો છે ? ! વળી અ૦૨૬મંત્ર૧માં નિરાકાર ઇશ્વરની સ્ત્રી પણ લખી છે, એટલે નિરંજન નિરાકાર માનેલા ઇશ્વરને પણ ત્યાગી અને યોગી સ્વામીજીએ તો પરણાવીજ દીધો !

વેદને નામે ઠગાઈ, છળપ્રપંચ અને પાખંડ !!!

દયાનંદીઓ મહીધર અને સાયણના વેદભાષ્યોને અશ્લીલ અને ખોટા કહે છે, પણ ઉપરના નમુનેદાર વેદભાષ્યના ઉતારા ઉપરથી ના સર્વ કોઇને સારી પેઠે સમજાશે કે દયાનંદના વેદભાષ્ય બિલકુલ ખોટા, અસંભાવિત, અશ્લીલ, અને કપોલકલ્પિત છે. તેમના આવા વેદભાષ્ય ગુરૂકુળમાં બ્રહ્મચારીઓને ભણાવવા છે, અને વેદપ્રચાર કરી દુનિયા ઉંધી વાળવી છે! જેને માટે એ દુરાગ્રહી જડ વક્ર દુર્મતિ દયાનંદીઓ ગુરૂકુળ અને વેદપ્રચારનો ફંડ ઉઘાડીને ફંદ ઢોંગ ધતિંગો કરી લોકો પાસેથી પૈસા કઢાવે છે. પણ બંધુઓ ! સાવધાન !! આંખ ઉઘાડીને જુઓ કે તેમના વેદભાષ્યમાં ભલીવાર શો છે ?!! ઉપર થોડક ઉતારા આપ્યા છે તેથીજ ખાત્રી થશે કે, દયાનંદના વેદભાષ્ય સત્કાર કરવા લાયક નથી, અને તેવા વેદભાષ્ય દ્વારા વેદપ્રચાર થાય ને ઇષ્ટ પણ નથી, અને ગુરુકુળમાં છોકરાઓને એવા ભાષ્યવાળા વેદ ભણાવે, તે પણ તદન નાપસંદ કરવા જોગ છે. તેથી અપાત્રે અને કુપાત્રને દાન આપી નરકના અધિકારી ન થવાય, તેને માટે ચેતતા રહી તથા જાગતા વ-

જાગતાને ચેતવણી આપના રહી મુકેલું કે તેવા પાખંડપ્રસારક ગુરૂકુળ અને વેદપ્રચારફંડમાં પાઇ પણ આપવી કે અપાવવી નહિ. આ સૂચના, ભલામણ, ચેતવણી અને વિનવણી ઉપર સવેળા સાવધ થઇને, સનાતનધર્માનુયાયી ભાઇઓ અને બહેનો જરૂર ધ્યાન આપશેજ.

મહર્ષિનો બુદ્ધિવૈભવ, તર્કશક્તિ, સત્યનિષ્ઠા, વિદ્યા, જ્ઞાન, વેદજ્ઞતા અને પ્રામાણિકતા પણ બડાં અદ્ભુત છે. પોતે અસ્થિર મનના હોઇ ફુકો ને ભાંગ પી ચકચૂર થઇ બેહોશીમાં પડી રહેતા. અને તરંગમાં આવે તેમ ' **કહીંકી ઈંટ કહીંકા રોડા, ભા.મતીને કુનબા જોડા** ' એની પેઠે વેદ, સ્મૃતિ કે પુરાણમાંના કોઇ પણ શ્લોકના પહેલા છેલ્લા કે વચલા ગમે તે ચરણનો હવાલો આપી તેની નીચે મનમાની ટીકા અને અર્થ લખી ઓકવી દેશે કે, અમુક વેદમાં ફલાણી સ્મૃતિમાં કે ઢીકણા પુરાણમાં અમુક આ બાબત વિષે આમ કહ્યું છે. સત્યાર્થપ્રકાશમાં અક્રૂર અને પ્રહ્લાદજીના સંબંધમાં ભાગવતના જે શ્લોક ટાંકી બનાવ્યા છે, તે અધુરા અસંબંધ અને ખોટા છે. અને વળી તેના અર્થ અને ટીકા લખવામાં જે મિથ્યા પાંડિત્ય ડોળાવ્યું છે, તે અક્ષંતવ્ય હોઇ તિરસ્કારનેજ પાત્ર છે. અક્રૂરજી શ્રીકૃષ્ણભગવાનને મથુરા તેડી ગયા, તે પ્રસંગનો ભાગવત સ્કંધ ૧૦ અ૦ ૩૯ શ્લોક ૩૮મો છે, તેનું ત્રીજું ચરણ **रथेन वायुवेगेन** લખીને પછી **जगाम गोकुलम्प्रति ॥ भा० स्कंध १० अ० ३८ श्लोक २४**. એવો ઉતારો સત્યાર્થપ્રકાશ સંવત ૧૯૫૪ ની પાંચમીઆવૃત્તિના ૩૬૦મે પાને આપેલો છે. પણ **जगाम गोकुलंप्रति** ભાગવતના કિયા શ્લોકનું પાદ છે, તે કોઇ દયાનંદી બતાવી આપી મહર્ષિની માનરક્ષા કરવાને બહાર પડતો નથી ! એ સખેદાશ્ચર્યની વાત છે. સત્યાર્થપ્રકાશની ભૂમિકાના પાને છઠ્ઠે લખ્યું છે કેઃ—" જો કોઇ આ ગ્રંથકર્તાના તાત્પર્યથી વિરૂદ્ધ

મનશાથી દેખશે, તેને કંઈ પણ અભિપ્રાય વિદિત નહિ થાય. કેમકે વાક્યાર્થબોધમાં આકાંક્ષા, યોગ્યતા, આસત્તિ અને તાત્પર્ય; એ ચાર કારણ હોય છે." આ લેખથીજ જણાઈ આવે છે કે મહર્ષિએ જેટલા ગ્રંથ જોયા છે, એમાંથી કોઇનો પણ અભિપ્રાય તેમને વિદિત નથી થયો ! ત્યારે તો શ્રીમદ્ભાગવત આદિ પૂજ્ય ગ્રંથોના અભિપ્રાય જાણ્યાવિચાર્યા વગર જ એ ગ્રંથો પર જકડાની પેઠે 'માર બુધુ ને કર સીધુ' કરીને જૂઠા આક્ષેપ કર્યા છે.

સ્વામીજી લખે છે કે :—" જે પદની સાથે જેનો સંબંધ હોય, તેની સાથે એ પદ બોલવું કે લખવું તે 'આસત્તિ'. જેને માટે વક્તાએ શબ્દોચ્ચારણ કે લેખ કર્યો હોય, તેની સાથે એ વચન વા લેખાંને યુક્ત કરવું, તે 'તાત્પર્ય' આ બે નિયમોથી વિરૂદ્ધ મંત્રસ્થ અને શ્લોકસ્થ પદોમાં સર્વત્ર વક્તાના તાત્પર્યને સમજ્યા વિના દયાનંદે મનમાં આવ્યું તેમ પદોનો સંબંધ કર્યો છે; અને જાણીબુઝીને પોતાની મતલબ સાધવા માટે અર્થના અનર્થ પણ કરી નાંખ્યા છે. સ્વામીજીએ આવા ગડમડગોટાળા સત્યાર્થપ્રકાશ, સંસ્કારવિધિ વગેરે પોતે રચેલા ગ્રંથોમાં ઘણે ઠેકાણે વાળેલા છે. તે બધું પોગળ અને પોલ સત્યાર્થપ્રકાશસમીક્ષા, દયાનંદમત—વિદ્રાવણ, યજુર્વેદભાષ્યની સમીક્ષા, મુક્તિપ્રકાશ, દયાનંદતિમિરભાસ્કર, દયાનંદછલકપટદર્પણ અને વળી હાલમાં પંડિતશ્રી કાલુરામશાસ્ત્રી (મુ. અમરૌધા—કાનપુર) તરફથી પ્રકટ થતા ધર્મપ્રકાશમાં ઘણી સારી રીતે તોડીફોડીને ખુલ્લું કરી દીધેલું છે તે વાંચી લેવું; અહીં વિશેષ લખવું અનુચિત સમજીએ છીએ. વેદ અને મનુસ્મૃતિ વગેરેના કેટલાક શ્લોકો ટાંકી પોતાનો પક્ષ સાબિત કરવાનાં ફાંફાં મારે છે તો ખરા, પણ તે શ્લોક આખા છાપતા હોય, અને શા પ્રસંગના છે અને તેની આગળપાછળના શ્લોકોમાં શું કહ્યું છે તે

જણાવતા હોય; તો તેથી આર્યસમાજીઓની પોલ ખુલી જાય એમ છે. અને તેટલા માટેજ મિથ્યા મહર્ષિજીએ અમુક ગ્રંથના અમુક શ્લોકના અમુક પદના શબ્દો ફાવ્યું ત્યાં ઓઠવી દઇ, વેદમાં આમ કહે છે, મનુજીએ આમ કહ્યું છે, ભાગવતમાં આવી ગપ મારી છે; વગેરે તડાકાફડાકા મારવાનું ગપ્પીદાસનુંજ કામ માત્ર કરેલું છે!

શિવ, બ્રહ્મા, વિષ્ણુ, નારાયણ, હરિઃ વગેરે ઇશ્વરનાં ૧૦૦ નામ આગલા સત્યાર્થપ્રકાશમાં બતાવ્યાં હતાં. અને વળી ૧૫મે પાને તેમને પૂર્વજ, મહાશય અને વિદ્વાન કહ્યા છે. હવે કહો કે આમાં સત્ય શું માનવું? વિદ્વાન કહો છો તો તેમનાં માબાપનાં નામ બતાવો? કેમકે તે વિના આપનો સૃષ્ટિક્રમ બદલાઇ જશે! અને ઇશ્વર માનીએ તો સાકાર સ્વીકાર કરવા પડે છે. સ્વામીજી કહે છે કેઃ—**हरिः ॐ**, નારાયણ, રામ, કૃષ્ણ, શિવ કહેવું એ વેદવિરૂદ્ધ છે. વળી પ્રથમ સમુલ્લાસના અંતમાં લખે છે કેઃ—" શ્રી ગણેશાયનમઃ શિવાયનમઃ સીતારામાભ્યાંનમઃ નારાયણાયનમઃ સરસ્વત્યૈનમઃ ઇત્યાદિ લેખ જોવામાં આવે છે, તેને બુદ્ધિમાનો વેદ અને શાસ્ત્રોથી વિરૂદ્ધ હોવાથી મિથ્યાજ સમજે છે, કેમકે વેદ અને ઋષિઓના ગ્રંથોમાં કહીં એવાં મંગલાચરણ જોવામાં નથી આવતાં; અને આર્ષગ્રંથોમાં **ओ३म्** તથા **अथ** શબ્દ તો દેખવામાં આવે છે" દયાનંદનો તો દેહાન્ત થઇ ગયો છે અને તેનો આત્મા તો ક્યાંયે ભટકતો હશે!! તો ઉચિત છે કે તેમના ચેલાઓ બતાવી આપશે કેઃ—**ओ३म सच्चिदानन्देश्वरायनमः। अथ** ॐ વેદ અને ઋષિયોના ગ્રંથોમાં ક્યાં છે? પ્રથમ ગ્રાસે મક્ષિકા! મંગળાચરણમાંજ પોતાના લેખ વિરૂદ્ધ આચરણ! યજુર્વેદ અધ્યાય ૧૬ ના મંત્ર ૪૧ માં **नमः** શિવાય આવે છે, છતાં તેને વેદવિરૂદ્ધ જણાવીને વેદનીજ નિંદા કરી છે તેથી **नास्तिको वेदनिन्दकः** એ સ્વામીજીનેજ લાગુ પડ્યું; અને દયાનન્દ મહર્ષિ વેદનિંદક ને નાસ્તિક પણ ઠર્યા!

સત્યાર્થપ્રકાશ મુદ્રિત ૧૮૮૪ માં પાને૨૫મે લખે છે કે:— " જે જગતના સર્વ પદાર્થ અને જીવોની સંખ્યા (ગણના) કરેછે, તેથી પરમેશ્વરનું નામ કાળ છે. વાસ્તવમાં જીવ અનંત છે, તેની સંખ્યા કહેવી સર્વથા અશુદ્ધ છે. દયાનદી સમાજીઓ 'બાબા વાક્ય પ્રમાણં' માની વેદાનુકુળ હોય તેજ માનવાની હઠ અને દુરાગ્રહ કરી વેદપ્રચારનો પાખંડ મચાવી બેઠા છે; તે મહાશયો વેદમાં જીવોની સંખ્યા દેખાડશે કે? પાને ૨૮મે:–ધન્ય એ માતા છે કે જે ગર્ભાધાનથી માંડીને પૂરી વિદ્યા થતાં સુધી સુશીલતાનો ઉપદેશ કરે! ગર્ભાધાનથી સંતાનને ઉપદેશ કરવો તો સર્વથા અસંભવ છે. તેનું પણ એ ભગડ ભાષ્યકારને ભાન નથી રહ્યું! પાને ૨૯મે:– " પ્રસુતા સ્ત્રી બાળકને ન ધવરાવે, અને દુધ રોકવા માટે સ્તનના છિદ્ર પર જેથી દુધ સ્રવિત ન થાય તેવી ઔષધીનો લેપ કરે, સ્ત્રી યોનીસંકોચશોધન અને પુરૂષ વીર્યનું સ્તંભન કરે." મહર્ષિજી કેવો ધર્મોપદેશ કરી રહ્યા છે?! ધન્ય છે નૈષ્ઠિક બ્રહ્મચારી સ્વામીજીને!!! વળી પાછું યજુર્વેદભાષ્ય અધ્યાય ૮ મંત્ર ૫૧ ના પદાર્થમાં લખ્યું છે કે:–પુત્ર પોતાની માતાનું દુધ પીયે. કહો આ પરસ્પર વિરોધ છે કે નહિ? પાને ૪૭૩ મે:–ઉપવાસ કરવો એ અસત્ય છે. અને વ્રતોપવાસના વિધાન અને માહાત્મ્ય પુરાણોમાં લખેલાં હોવાની ભાષ્યકાર ભગવાન શ્રી વેદવ્યાસને કસાઈ કહ્યા છે. પણ કસાઇના પીત્રાઇ જેવા દયાનંદજી સંસ્કારવિધિ મુદ્રિત સંવત ૧૯૩૩ માં ૫૬મે પાને યજ્ઞોપવિતસંસ્કાર કરાવનારા બાળકને ત્રણ ઉપવાસની આજ્ઞા જખ મારવા લખી છે! પાને ૪૭૭ મે:–શબ બાળવાથી દુર્ગન્ધ થાય છે. માટે બાળવું કે દાટવું નહિ પણ જંગલમાં ફેંકી દેવું, કે શિયાળ, ગીધ, કાગડા, કુતરાં ખાઇ જાય. દહનક્રિયા કરે તો વેદમાં લખેલી વિધિપૂર્વક શરીર બરાબર ઘી કેસર

કસ્તુરી, ચંદન, કાષ્ટ, અગરતગર કપુર વગેરે લેઇને કરવી. દયાનંદી વિદ્વાનો સ્વામીજીને વેદજ્ઞ અને સત્યવક્તા માનતા હોય, તો શવદહનનો વિધ વેદમાં બતાવે; અથવા તો પોતાનાં ઘરનાં મરે તેમને એધડક સ્વામીજીની આજ્ઞાનુસાર જંગલમાં ફેંકી દે !

મહર્ષિ શ્રી સ્વામી દયાનન્દ સરસ્વતીના પરસ્પર વિરૂદ્ધ લેખોથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે તેમને કોઇ વિષયનો યથાર્થ નિર્ણય નહોતો. પ્રથમ કંઇ લખ્યું; અને તેના ઉપર કોઇએ આક્ષેપ કર્યો અને ઉત્તર આપી ન શકાયો, તો વળી બીજી રીતે બતાવ્યું. પણ વિચાર ના કર્યો કે સત્ય શું અને અસત્ય શું, એનો જરા જોઇયે! પ્રથમ તેમણે સત્યાર્થપ્રકાશ અને વેદભાષ્યભૂમિકા વગેરેમાં મુક્તિ સદાની લખી છે. સત્યાર્થપ્રકાશ મુદ્રિત ૧૮૭૫ પૃષ્ઠ ૧૪૫ " **चन्दति सोय चन्द्रः** " જે આલ્હાદ એટલે આનંદ સ્વરૂપ હોય અને જે મુક્ત પુરૂષ જેને પ્રાપ્ત થઇને સદા આનંદ સ્વરૂપજ રહે અને દુઃખનો લેશ કદી ન હોય તેથી પરમેશ્વરનું નામ 'ચન્દ્ર' છે. **आर्याभिविनय** પ્રથમાવૃત્તિ પાને ૧૬ મેઃ—જેને પ્રાપ્ત થઇને પૂર્ણાનન્દમાં રહે છે, પછી ત્યાંથી કદી દુઃખમા નથી પડતો. પાને ૪૨ મેઃ—વિદ્વાનલોક અમૃત મરણ અને દુઃખ રહિત મોક્ષપ્રદ સઉ દુઃખોથી છુટી સર્વવ્યાપી પૂર્ણાનન્દ સ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત થઈ સદૈવ પરમાનન્દમાં રહે છે, એથી કદી જન્મમરણાદિ દુઃખસાગરમાં નથી પડતો. પાને ૪૫ મેઃ—પરમાત્મામાં પ્રવેશ કરી સર્વ દુઃખોથી છુટી સદૈવ પરમાનંદમા રહે છે. **વેદાન્તધ્વાન્ત નિવારણ** પૃષ્ઠ ૧૦ મે.—જીવાત્મા પરમાત્મામાં પરમાનંદ સ્વરૂપ થઈ સદા આનન્દમાં રહે છે, તેને પરમગતિ અર્થાત્ મોક્ષ કહે છે. **સત્યધર્મવિચાર**—(મુદ્રિત સંવત ૧૯૩૭ વૈદિક યંત્રાલય કાશી) પાને ૨૫ મેઃ—મુક્તિ કહે છે છુટી જવાને અર્થાત્ જેટલાં દુઃખ છે એ સઉથી છુટી એક સચ્ચિદાનંદ સ્વરૂપ પરમેશ્વરને પ્રાપ્ત

થઇ સદા આનન્દમાં રહેવું અને પાછું જન્મમરણાદિ દુઃખ સાગરમાં પડવું નહિ; એનુ નામ મુક્તિ છે. આ વખતે જીવ અનન્ત છે, એવું પણ સ્વામીજી માનતા હતા અને તે સત્યાર્થપ્રકાશ વગેરેમાં લખેલું પણ છે.

પંજાબના જાલંધર શહેરમાં કોઇ મુસલમાન સાથે સ્વામીજીને શાસ્ત્રાર્થ થયો, તેમાં એક મુસલમાને કહ્યું કેઃ—"મુક્તિ સદાની છે અને મુક્તિથી પુનરાવૃત્તિ નથી, તો પછી એક એક કલ્પમાં એક એક જીવ જ મુક્ત થતો રહે, તોપણ કોઇકાળે સંપૂર્ણ જીવ મુક્ત થઇ જશે અને સંસાર નષ્ટ થઇ જશે; ત્યારે તમારો ઇશ્વર પણ નવરો પડશે!" આથી સ્વામીજી ગભરાયા અને મુસલમાને કરેલા આક્ષેપ અને શંકાનો કંઇ ઉત્તર આપવાનુ સુઝયું નહિ, ત્યારે મહર્ષિએ અમૃતસરમાં વકીલ નારાયણસિંહને કહ્યુ કેઃ—'હવે હું મુક્તિથી ફરવાનું માનીશ.' આ વાત બાબા નારાયણસિંહજીએ શ્રીમાન્ મુનશી ઇન્દ્રમણિજી જમ્મુ જતા હતા તમને અમૃતસરમાં કહી. તે સાંભળી મુન્શીજીએ નારાયણસિંહજીને કહ્યું કેઃ—એમ કરશે તો બહુજ ભુંડું થશે. સમસ્ત શિષ્ટોએ મુક્તિ સદૈવને જ માટે માની છે, મુક્તિથી પાછા ફરવાનું તો કોઇએ માન્યુ નથી અને તેમ માનવામાં દોષ પણ ઘણા આવે છે, અને મુસલમાનના આક્ષેપનો ઉત્તર તો સ્હેલો છે કે જીવ અનન્ત છે અને અનન્તનો કદી પાર નથી આવતો! આટલું છતાં પણ મહર્ષિએ ઋગ્વેદભાષ્ય પુસ્તક ૩૨—૩૩ અંક ૧૬—૧૭ માં સત્શાસ્ત્રો અને સમસ્ત વિદ્વાનોના વિરુદ્ધ મુક્તિથી પાછા ફરવાનું માન્યુ.

સંસ્કાર નામ શુદ્ધ કરવાનું છે, ત્યારે તો ધોબી પણ કપડાં ધોઇ લાવે છે, કુંભાર માટીનાં વાસણો બનાવીને પકવે છે! ભંગી, ચમાર, ખ્રીસ્તી, મુસલમાન વગેરેને સમાજી બનાવીને તેમના હાથે બનેલું ભોજન તેમની સાથે બેસી કેમ ખાઓ છો? તેમના શરી-

રની બનાવટનાં અશુદ્ધ પરમાણુઓને બદલીને તમે શુદ્ધ કરી શકો છો? બદલી નથી શકતા તો તેમના સંસર્ગથી ધર્મ નષ્ટ થયો કે નહિ? અને ના કહેતા હો તો બ્રાહ્મણ રસોઇઆની દરકાર નહિ કરતાં ભઠીઆરા બબરચી પાસે રંધાવી લેશો? શુદ્ર તમોગુણ પ્રધાન નથી? શૂદ્રે બનાવેલા ભોજનમાં સંસર્ગ દોષથી આવતા તમોગુણનો નિષેધ કેવી યુક્તિથી કરશો? અને નિષેધ ન કરી શક્યા તો તમે તમોગુણી થતા કેવી રીતે બચી જશો? કચરામાં પેદા થતાં આલુ ગોબી, શકરીયાં, તરબૂજ, બટાટા વગેરે બુદ્ધિનાશક વસ્તુઓ ખાવાનું આર્યસમાજીઓ સ્વામીજીની આજ્ઞાનુસાર કેમ છોડી દેતા નથી? તો શું સત્યાર્થપ્રકાશમાં **अमेध्यप्रभवाणि च** લખ્યું છે તે સમાજીઓ માનતા નથી? ત્યારે તો મૂર્તિપૂજાના ખંડનની સાથેજ મહર્ષિજીની માનખંડના પણ થઈ ગઇ!

લાખો વિધવાઓના દુઃખનાં રોદણાં રડી બીજાઓને નાહક દુઃખી કરો છો. અને વિધવાવિવાહનાં ગીતડાં ગાઇ નિયોગની નોબત બજાવી દુષિત મન બનાવો છો; તેને બદલે વિધવાઓમાં સતી તપસ્વિની થાય તથા અટલ બ્રહ્મચારિણી થાય તેવા વિચારનો પ્રચાર કરતા હો, તો શું એ કામ ધર્માનુકુલ અને વેદાનુકુલ ન થાય? કદી સિદ્ધ કરી શકશો કે વિધવાવિવાહ કે નિયોગના ઉપદેશ અને ઉદ્યોગ વિષયવાસનાને વધારનાર નથી? વિષયવાસના વધે છે, એથી દેશની કદાપિ ઉન્નતિ થઈ શકે છે કે? સમાજીયો લેખો અને ભાષણોદ્વારા પાતિવ્રતધર્મનો પ્રચાર કર્યા કરે છે કે? શું એ પાતિવ્રતધર્મ વેદશાસ્ત્રોક્ત સનાતનધર્મ નથી? પાતિવ્રતધર્મનો લોપ થઇ જવાથી દેશનો સુધારો થઇ જશે કે? પહેલાંથીજ શ્રુતિ સ્મૃતિઓનો સુગંધવાયુ ફેલાઈ જવાથી ભારતવાસી દ્વિજોના મનમાં શું એ સંસ્કાર ઠસોઠસ નથી ભરાયો કે મારી મા, બહેન, વહુ, બેટી, પતિવ્રતા હોય; કોઇ પણ અન્ય પુરૂષને સ્વપ્ને પણ જોવાની

ઇચ્છા ન કરે ? એવો કોઇ પણ દ્વિજ પુરૂષ છે કે જે પોતાની મા, દીકરી, બહેન અને વહુ વગેરેને અન્ય પુરૂષ સાથે સંબંધ રાખતાં કે પુનર્લગ્ન કરતાં જોઇ લજ્જીત કે ખેદિત ન થાય ? સ્ત્રીઓની સ્વતંત્રતા, લજ્જાનો ત્યાગ, આપસની પ્રસન્નતાથી વરકન્યાના વિવાહ, પુનર્લગ્ન અને નિયોગ વગેરે વેદશાસ્ત્રવિરૂદ્ધ વસ્તુઓનો પ્રચાર શું તમે ઇસાઇઓના અનુકરણથી નથી કર્યો ? આ આચરણોથી તમે અંગ્રેજોની ઉન્નતિ માનો છો ? સઉને પોતપોતાનાં પૂર્વ કર્માનુસાર સુખદુઃખ મળે છે, તો વિધવા થવા રૂપ દુઃખભોગને તમે રોકી શકશો ? ધર્મશાસ્ત્રોના સિદ્ધાંતોથી એ પ્રસિદ્ધ છે કે—પતિનું અપમાન પરિત્યાગ અને અન્ય પુરૂષ સાથે વ્યભિચાર કરવાના દોષથીજ જન્માંતરમાં વિધવા થવાય છે. ત્યારે પછી નિયોગ અને પુનર્લગ્ન કરાવી કરાવીને બાપડી વિધવાઓને શિર પાપના ભારા નાહક શીદને ચઢાવો છો ? !
